# પ્રધાનમંત્રીને રાષ્ટ્રીય પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા - "ગ્રાન્ડ કમાન્ડર ઓફ ધ ઓર્ડર ઓફ નાઈજર"

17 નવેમ્બર, 2024

સ્ટેટ હાઉસમાં આયોજિત એક સમારંભમાં ફેડરલ રિપબ્લિક ઓફ નાઈજિરિયાના પ્રમુખ મહામહિમ શ્રી બોલા અહમદ ટીનુબુએ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીને તેમની મુત્સદ્દીગીરી અને ભારત-નાઈજિરિયાના સંબંધોને વેગ આપવા માટે ઉત્કૃષ્ટ પ્રદાન કરવા બદલ રાષ્ટ્રીય પુરસ્કાર – "ગ્રાન્ડ કમાન્ડર ઓફ ધ ઓર્ડર ઓફ નાઈજર"થી નવાજ્યા હતા. આ પુરસ્કારમાં જણાવવામાં આવ્યું છે કે, પ્રધાનમંત્રીનાં દૂરંદેશી નેતૃત્વ હેઠળ ભારતને વૈશ્વિક પાવરહાઉસનું સ્થાન મળ્યું છે અને તેમનાં પરિવર્તનકારી શાસને તમામ માટે એકતા, શાંતિ અને સહિયારી સમૃદ્ધિને પ્રોત્સાહન આપ્યું છે.

2. પ્રધાનમંત્રીએ એવોર્ડ સ્વીકારતી વખતે આ સન્માન ભારતનાં લોકોને અર્પણ કર્યું હતું તથા ભારત અને નાઈજિરિયા વચ્ચે લાંબા સમયથી ચાલી આવતી ઐતિહાસિક મૈત્રીને પણ સન્માન આપ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, આ માન્યતા બંને દેશો વચ્ચે વ્યૂહાત્મક ભાગીદારી અને વૈશ્વિક દક્ષિણની આકાંક્ષાઓ પ્રત્યેની તેમની સહિયારી કટિબદ્ધતા પર ભાર મૂકે છે.

3. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી વર્ષ 1969 પછી આ પુરસ્કારથી સન્માનિત થનારા પ્રથમ વિદેશી નેતા છે.

અબુજાનો
નવેમ્બર **17, 2024**